Despite reporting credit growth that is running ahead of its full-year guidance, CS Setty, Chairman, State Bank of India (SBI), has retained its loan and deposit growth targets for FY27. Setty also shared updates on the suspected data breach, ECL provisioning, gold loans, rural demand and FCNR(B) mobilisation.

Edited excerpts:

Your credit growth is significantly more than your full year guidance of 14-15 per cent. Are you planning to revise your guidance upwards for the rest of the year and on deposit as well?

On the credit and deposit growth guidance, we are retaining our guidance of 14-15 per cent credit growth and around 10-11 per cent deposit growth. On the credit growth side, if nominal GDP growth is around 12-12.5 per cent, normally SBI's growth rate is 3-4 percentage points higher, and that is where the full-year guidance comes from.

What are the updates on the suspected data breach at SBI?

The root cause analysis is still underway and will take some time to conclude. We have also undertaken a comprehensive cybersecurity drill, including API sweeps and vulnerability assessments, which remain an ongoing process.

We are also working under the guidance of the Indian Banks' Association (IBA) to create a framework for information sharing between entities, in addition to sharing information with the regulator.

We are not using any frontier models so far. I don't think any institution in the BFSI sector has adopted frontier models yet. The IBA plans to test frontier models through an industry-level mechanism, where a sandbox environment can be created for the entire banking system and the models can be tested in a regulated and controlled environment.

> The RBI is planning to hold a CEO-level meeting to review the industry's preparedness for implementation ... on the ECL front
>
> **CS SETTY**
> Chairman, SBI



Will repo hikes have an impact on credit growth?

There could be a situation where another 50-basis-point increase in interest rates may slightly moderate consumer credit growth.

What is the ECL provisioning for FY27?

The ECL (Expected Credit Loss) impact, net of taxes, will be ₹19,500 crore, but it is not a closed matter. The RBI is planning to hold a CEO-level meeting to review the industry's preparedness for implementation, which shows that serious work is underway on the ECL front.

Leading NBFCs have flagged stress in the stage one and stage two levels of gold loans. What's happening within the gold loan segment?

There are various ticket sizes of the gold loans. I think we are in the ₹2-2.5 five lakh ticket size. The portfolio LTV is less than 60 per cent. Even for the industry also, the LTVs indicate that they are not going overboard in terms of maintaining the loan to value.

There could be some distress in terms of small value loans, but that segment is not with us.

What is the agri loan and rural loan outlook like for the next quarter and for the full year keeping in mind the intensifying Super El Nino?

The rabi crop is to be watched and rabi sowing has also slowed down compared to the last year. We need to be cautious about food inflation. But on the portfolio level, we need not really worry about because this crop season, one crop season is not really going to affect the quality of the portfolio. But what we have to watch out for is the rural consumption pattern.

If the annual loan becomes serious and how rabi is going to play out. So these are the monitorable points in our view, more than the quality of the assets.

Lot of your peer banks have more from FCNR(B) but you collected $10.9 billion despite your heavy international presence. Any reason behind that?

We realised that the mobilisation has been robust and we don't need so much deposit mobilisation for ourselves, so we felt that $10-11 billion should be okay.

businessline – 04.11.2026

Rupee up 37 paise; at a crucial juncture

Akhil Nallamuthu
bl. research bureau

The rupee appreciated 37 paise against the dollar over the past week, supported by strong foreign portfolio inflows, easing US Treasury yields and a relatively stable dollar. Some moderation in crude oil prices also provided relief to the local currency.

WEEKLY RUPEE VIEW.

Foreign flows remained positive. According to NSDL data, net FPI inflows stood at about $2 billion over the past week. So far in November, net inflows stand at around $800 million, indicating an improvement in foreign investor sentiment.

The US Treasury yields have been declining for nearly a month. The 10-year yield has now moderated to around 4.9 per cent. The decline in yields, along with a largely flat dollar, has helped the rupee to recover.

Crude oil prices have also moderated so far this week. However, Brent crude, currently trading around $106 per barrel, continues to remain above the $100 mark. Elevated oil prices remain a headwind for the rupee, given India's dependence on crude imports.

Meanwhile, diplomatic efforts involving Qatar and Iran to ease the ongoing conflict have raised hopes of a de-escalation in geopolitical tensions. Any meaningful progress could help bring down crude oil prices, providing further support to the rupee.

Attention will also be on the US midterm election results, with key trends expected to emerge in the early hours of Wednesday (IST). The outcome could influence the dollar's direction in the near term.

Overall, improving foreign flows, lower US Treasury yields and a stable dollar have provided support to the rupee. However, elevated crude oil prices and geopolitical uncertainty remain key risks to a sustained recovery.

CHART

The rupee has been rising over the past few days. The recovery is aided by the support at 95.25.

That said, whether the rally can sustain is uncertain as the local currency faces resistance levels at 94.40 and 94.20. Also, the dollar index, although appears to have lost some momentum, continues to trade above a key near-term base at 101.50.

If the rupee can rise above 94.20 and the dollar index slips below 101.50, the outlook for the Indian currency can turn bullish. In this case, it can appreciate to 93.50.

However, if the rupee falls off the resistance at 94.40 or 94.20, possibly triggered by a rally in the dollar index on the back of its support at 101.50, the rupee can slip to 95.25. A breakout of this can lift it to 95.80.

In the event of the dollar index surpassing the barrier at 102.60, the rupee might retest the all-time low or even extend the decline beyond it.

Note that the US midterm election results can lead to higher volatility in the dollar-rupee exchange rate in the short run.

UNCERTAIN OUTLOOK

The rupee's near-term outlook remains uncertain despite the recent recovery. While improving foreign flows and easing US yields offer support, the resistance at 94.40-94.20 could limit further gains. A reversal from this region could drag the local currency towards 95.25-95.80, whereas a breakout above 94.20 could pave the way for a rally to 93.50.

businessline – 04.11.2026

Govt eyes simplifying trade over customs duty cuts in Budget FY28

SELECT REFORMS. Finance Ministry may take targeted steps to fix duty structures

Amiti Sen
New Delhi

EXPECTED MEASURES

- Simplifying trade processes and customs procedures; improving transparency and reducing transaction costs for exporters and importers
- Likely emphasis on procedural reforms covering initiatives already announced or being developed
- Further relaxation expected in the Authorised Economic Operator programme
- Operationalising Bharat Trade Net and expanding the scope of the Customs Project 2.0

The FY28 Budget is expected to put greater emphasis on simplifying trade processes and customs procedures, improving transparency and reducing transaction costs for exporters and importers, rather than announcing sweeping cuts in customs duties.

However, the government may consider selective changes to address inverted duty structures where customs duties on inputs are higher than end-products, sources said.

"The feeling within the government is that with India increasingly opening up its markets through free trade agreements (FTAs), which provide zero or lower duties to major trading partners, the need for broad-based tariff reductions is diminishing. Instead, the focus is likely to shift more towards making cross-border trade easier, faster and more predictable through procedural reforms and better customs administration," a source tracking the matter told *businessline*.

In Budget FY27, the Finance Ministry provided customs duty relief on a number of products, including aircraft components and raw materials, microwave oven parts, medicines and critical minerals and renewable energy inputs.

Duty cuts on many items came with a sunset clause expiring on March 31, 2028, and September 30, 2028.

NEED RATIONALISATION

While the government is not too keen to extend duty cuts on a large number of items this time, the exercise of duty cuts to address an inverted duty structure would continue.

"The irony is that while because of the FTAs being signed by India, the need for budgetary import duty cuts has gone down. However, the inverted duty problem has increased because of the same FTAs. To sort that out, there is a need for more rationalisation," another source said.

The problem with trying to correct the inverted duty structure is that the same input may be used for a number of products, and in case of many of these products there may not be any need for correction, the second source said.

"One way to address the problem is to provide end-use exemption to the affected industry. But that comes with its own set of problems and the Finance Ministry is not too keen on it. The situation has to be tackled sensitively," the source added.

The likely emphasis on procedural reforms could cover several initiatives already announced or being developed.

These include operationalising the Bharat Trade Net, a proposed unified digital platform for trade-related documentation and processes, and expanding the scope of the Customs Project 2.0, including its Single-Window Interface for Facilitating Trade (SWIFT), to speed up clearances by reducing multiple approvals and the need for interaction with different government agencies.

One area where further relaxation is expected is the Authorised Economic Operator programme, which gives compliant and trusted businesses faster customs clearances and other benefits.

"There could be several announcements on trade facilitation, including updates to existing measures and new areas covering transparency and process improvements," the second source said.

What the differing market dynamics mean for members of the Swiss Textile Machinery Association

China and India are among the world's most important textile manufacturing markets and have been key destinations for Swiss textile machinery for decades. However, their industrial structures, raw material bases and market dynamics differ considerably. These differences create distinct requirements and opportunities for Swiss suppliers of machinery, components and services. With ITMA Asia + CITME in Shanghai and India ITME in Greater Noida, two major Asian textile machinery exhibitions will take place towards the end of 2026.

China and India have extensive textile manufacturing capacities, large domestic markets and significant positions in international textile trade. Both countries are important markets for the Swiss textile machinery industry. Many Swiss companies have established a strong local presence through production facilities, sales and service organisations, reflecting their long-term commitment to these markets.



"China and India are both key markets for our industry, but their industrial environments differ notably," explains Cornelia Buchwalder, Secretary General of Swiss Textile Machinery. "The structure of textile production, the availability of raw materials and the importance of domestic demand all influence their investment priorities. Understanding these differences is essential for our member companies to offer technologies that meet the specific requirements of each market."

CHINA: TECHNOLOGICAL ADVANCEMENT AND STRONG COMPETITION

China is by far the world's largest textile manufacturing country, with an extensive and highly integrated value chain covering virtually every stage of textile production. It is also the world's leading exporter of textiles and apparel, while its substantial domestic market generates significant additional demand. Its position in man-made fibres is particularly strong, with chemical fibre production reaching approximately 87 million tonnes in 2025. At the same time, China remains a major cotton producer and processor.

Exports continue to play a central role in the Chinese textile industry. Chinese textile machinery manufacturers have also made considerable technological progress, creating an increasingly competitive environment for international suppliers.

For Swiss companies, opportunities lie particularly in advanced production technologies, automation, digital connectivity, precise process control and resource efficiency. As manufacturers seek to improve productivity and maintain consistent quality, specialised solutions continue to play an important role.

INDIA: TRADITIONAL STRENGTHS AND EXPANDING OPPORTUNITIES

India's textile industry has traditionally been closely linked to cotton. The country is one of the world's largest cotton producers and has extensive spinning, weaving and garment manufacturing capacities. At the same time, man-made fibres, technical textiles and more advanced production and finishing processes are gaining importance.

India's growing domestic market is a significant driver of development. Rising incomes and a young population support textile consumption, while government initiatives aim to strengthen manufacturing capacities, modernise production and increase textile exports.

These developments create demand for machinery and technologies across the textile value chain. Modernisation of existing facilities, investments in additional production capacities, reliable quality control and more efficient use of energy and water are among the priorities.

The Trade and Economic Partnership Agreement between the EFTA states and India, which entered into force in October 2025, provides further support by improving the framework conditions for Swiss industrial suppliers.

SWISS TECHNOLOGY RESPONDING TO DIFFERENT NEEDS

Swiss Textile Machinery member companies offer machinery, components and services covering the entire textile value chain, from fibre preparation and spinning to weaving, knitting, embroidery, finishing and quality control. They have contributed to the development of both textile industries over many decades. Beyond supplying technology, they have established local operations,



provided technical expertise and supported training and knowledge transfer.

"Our industry has built long-standing relationships with textile manufacturers in both countries," says Buchwalder. "Today, innovation is increasingly driven by close cooperation with customers and a detailed understanding of their production processes. Swiss companies combine engineering expertise with specialised textile knowledge, enabling them to develop solutions that improve efficiency, reliability and product quality."

TWO MAJOR EXHIBITIONS HIGHLIGHTING MARKET IMPORTANCE

The significance of both markets is reflected in the international exhibition calendar. ITMA Asia + CITME will take place in Shanghai from 20 to 24 November 2026, followed shortly afterwards by India ITME in Greater Noida from 4 to 9 December. Around 20 Swiss Textile Machinery member companies will be exhibiting at each event.

Despite geopolitical uncertainties, trade barriers and cautious investment decisions, the long-term outlook remains constructive. China and India will continue to shape the development of the global textile industry, each with its own priorities and challenges.

The upcoming exhibitions will provide an opportunity for Swiss textile machinery manufacturers to assess investment priorities, strengthen customer relationships and gain further insights into developments in both markets.

#

Vyapar – 04.11.2026

કાપડ ઉદ્યોગમાં મંદીના વમળ : સાયણના વિવિંગ એકમોમાં સ્વૈચ્છિક લાંબું વેકેશન

થ્રેડ અને જરી ઉદ્યોગમાં દિવાળી વેકેશન સાતથી ૧૬મી સુધી

અમારા પ્રતિનિધિ તરફથી

સુરત તા. ૩ નવેમ્બર

એક તરફ હીરાઉદ્યોગમાં તેજીનો માહોલ છે તો બીજી તરફ શહેરના બીજા મુખ્ય એવા કાપડઉદ્યોગમાં મંદીનો માહોલ બન્યો છે. કાચામાલમાં થયેલા બેફામ ભાવવધારા બાદ મેન્યુફેક્ચરિંગ એકમોને ઉત્પાદન પર અસર પડી છે. એવામાં આ વર્ષે દિવાળી વેકેશન લાંબુ પડવાના એંધાણ વર્તાય રહ્યા છે. આમ પણ નવરાત્રી દરમિયાનથી જ વિવીંગ અને એમ્બ્રોઇડરીનાં ખાતાઓમાં કામ કરતાં ઉત્તર અને પૂર્વ ભારતના કારીગરોએ વતનની વાટ પકડી છે જે હજુ સુધી યથાવત છે. વિવીંગ કારખાનેદારોનું માનીએ તો આ વર્ષે વિવીંગ એકમોમાં સ્વૈચ્છિક લાંબુ વેકેશન રહેશે.

સુરત વીવર એસોસીએશનના પ્રમુખ વિજય માંગુકિયા કહે છે કે, કાચામાલના બેફામ ભાવવધારા બાદથી ઘરઆંગણે ઉત્પાદન પર મોટી અસર થઈ છે. તેમજ લેવાલી ન હોવાને કારણે કાપડનો મોટો સ્ટોક જમા થયો છે. યાર્નના બેફામ વધારા સામે વિવર ઝઝૂમી રહ્યા છે. બજારમાં રોકડની તંગી સર્જાઈ છે.

તેમણે ઉમેર્યું હતું કે, એકલા સાયણ વિસ્તારમાં જ દોઢેક લાખ સાદા અને એડવાન્સ લુમ્સ છે. કાપડનું પ્રોડક્શન જમા થયું હોવાથી લાંબુ વેકેશન રાખી ઉત્પાદનને સમતોલ કરી શકાય તેમ છે. હાલ તો કહી શકાય કે સ્વૈચ્છીક વેકેશન ૨૦ થી ૨૫મી સુધી ચાલશે.

આ તરફ કાપડ મીલોમાં પણ વેકેશન લાંબુ રહેવાના એંધાણ છે. દક્ષિણ ગુજરાત ટેક્સટાઇલ પ્રોસેસર્સ એસોસીએશનના પ્રમુખ જીતેન્દ્ર વખારીયા કહે છે કે, કાચામાલના બેફામ ભાવવધારા બાદથી ઉદ્યોગ સામે અનેક સમસ્યાઓ આવી ચઢી છે. એવામાં દિવાળી બાદ ખુલતાં વૈશ્વિક બજાર કેવી રહે છે તેના પર સઘળું નિર્ભર છે. ડાઇઝ અને કેમીકલ, કારીગરોના ભથ્થા, ટ્રાન્સપોર્ટેશન સહિતના બધાના ભાવ વધ્યા છે.

લાંબા વેકેશનને લઈને તેઓ ઉમેરે છે કે, આમ તો માર્કેટો સપ્તાહમાં ખુલી જતી હોય છે. પરંતુ મીલોમાં કામ કરતાં કારીગરો વતનથી આવતા સમય લે છે. સઘળી પરિસ્થિતિ જોતાં દિવાળી વેકેશન પંદર દિવસનું રહેવાના એંધાણ છે. સિક્યોર એમ્બ્રો થ્રેડ એન્ડ જરી એસોસીએશનના પ્રમુખ તુષાર કુવાડિયા કહે છે કે, થ્રેડ અને જરી ઉદ્યોગમાં આ વખતે દિવાળી વેકેશન સાતમીથી સોળમી નવેમ્બર સુધી રાખવામાં આવશે.

Vyapar – 04.11.2026

માવઠાંને કારણે ખરીફ પાક લણણીના ટાણે જ બરબાદ

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૩ નવેમ્બર

ચોમાસાની વિદાય ટાણે જ રાજ્યમાં અચાનક ત્રાટકેલા કમોસમી વરસાદે ગુજરાતના ખેડૂતોની આખી મોસમની કમાણી પર પાણી ફેરવી દીધું છે. સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં કપાસ, મગફળી અને સોયાબીનનો તૈયાર પાક ખેતરોમાં લણણીની રાહ જોઈ રહ્યો હતો અથવા થ્રેશિંગ માટે ખુલ્લામાં પડ્યો હતો, ત્યાં જ અનેક વિસ્તારોમાં તૂટી પડેલા માવઠાથી ભારે આર્થિક ફટકો પડ્યો છે.

સૌરાષ્ટ્રના જૂનાગઢ, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ અને બોટાદ જિલ્લાઓમાં માવઠાની સૌથી ગંભીર અસર જોવા મળી છે. વિસાવદર અને ભેંસાણ પંથકમાં દોઢથી બે ઇંચ જેટલા વરસાદથી ખેતરોમાં સુકવવા મૂકેલા મગફળીના પાથરા તણાઈ ગયા હતા તથા તળાઈ ગયા હતા. રાજકોટના જેતપુર, પીઠડીયા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં મગફળીના ડોડવા સડી જવાનો, કપાસનું રૂ કાળું પડી જવાનો અને સોયાબીનમાં દાણા ઉગી નીકળવાનો મોટો ભય ઊભો થયો છે. સાબરકાંઠા અને અરવલ્લી જેવા ઉત્તર ગુજરાતના પંથકોમાં પણ સોયાબીન અને ડાંગરના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. મગફળી પલળી જવાથી ફૂગ લાગી ગઈ છે અને કપાસમાં ખીલેલા જીંડવા પલળતાં તેનું વેપાર મૂલ્ય સાવ ઘટી ગયું છે.

રાજકોટ જિલ્લામાં આ વર્ષે નબળા વરસાદને લીધે વીઘે માંડ પથી ૧૦ મણ મગફળી થઈ હતી. અનેક ખેડૂતોના ખેતરમાં થ્રેશર મૂકીને કામગીરી ચાલુ હતી,



અચાનક વરસાદ તૂટી પડ્યો, જે થી મગફળી પલળી ગઈ અને સાથે મજૂરી તથા થ્રેશરનું ભાડું પણ માથે પડ્યું હતું. બિયારણ અને ખાતરનો ખર્ચ નીકળે તેમ ન હોવાથી હવે પડતા પર પાટુ જેવી સ્થિતિ સર્જાઈ છે.

ઉત્તર ગુજરાતમાં સોયાબીન પકવતા ખેડૂત વિનોદભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ચાર મહિના રાત-દિન એક કરીને તૈયાર કરેલો પાક કાપીને ખેતરમાં સુકવવા મૂક્યો હતો અને રાતોરાત પાણી ફરી વળ્યું. કાળા પડી ગયેલા સોયાબીનનો મંડીમાં કોઈ ભાવ પણ આપશે નહીં. સરકારે તાત્કાલિક ધોરણે વાસ્તવિક સર્વે કરાવીને સહાય અને રાહત પેકેજ આપવું જોઈએ, નહીં તો ખેડૂત દેવાના બોજ તળે દબાઈ જશે.

ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં પાક સંપૂર્ણપણે નાશ પામતાં ખેડૂતોએ પલળી ગયેલા પાકનું 'બેસણું' યોજીને પોતાનો અનોખો વિરોધ પણ નોંધાવ્યો છે. ખેડૂત સંગઠનોની માંગ છે કે સરકારી કાગળો પર સર્વેના નામે વિલંબ કરવાને બદલે પંચનામા ઝડપથી પૂર્ણ કરી ખેડૂતોને યોગ્ય વળતર આપવામાં આવે, તેમજ પશુઓ માટે પલળી ગયેલા ઘાસચારાની પણ તાત્કાલિક ગોઠવણ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

Vyapar – 04.11.2026

રૂની આયાત ડ્યૂટીમાં 31મી ડિસેમ્બર સુધી રાહત

સ્પિનિંગ મિલોને ટૂંકા ગાળાનો ટેકો, રૂ બજાર નરમ

વધતા વપરાશ સામે ભારતે હવે ૨૦૩૦-૩૧ સુધીમાં પાંચ કરોડ ગાંસડી કપાસ ઉત્પાદનનું લક્ષ્ય રાખવું અનિવાર્ય

કેન્દ્ર સરકારે રૂની આયાત પરની કસ્ટમ્સ ડ્યૂટીમાંથી મળતી મુક્તિ ૩૧ ડિસેમ્બર સુધી લંબાવી છે. કપાસ બજારમાં છેલ્લા કેટલાક સમયથી પ્રવર્તતી અનિશ્ચિતતા અને ભાવની વધઘટ વચ્ચે આ નિર્ણયથી સ્પિનિંગ મિલોને ટૂંકા ગાળાની રાહત મળી છે. આ નિર્ણયથી મિલોને બ્રાઝિલ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકાથી કપાસ આયાત કરવાની તક મળશે. જ્યારે સ્થાનિક બજારમાં આવકો ધીમી હોય કે ભાવ વધુ પડતા ઊંચકાઈ જાય ત્યારે આયાતી રૂ મિલોને કાચા માલની અછત નિવારવામાં મદદરૂપ બનશે. જોકે, આ સિક્કાની બીજી બાજુ એ છે કે હવે ભારતીય ખેડૂતો અને જિનર્સે આંતરરાષ્ટ્રીય કપાસ સાથે સીધી સ્પર્ધા કરવી પડશે. પરિણામે સ્થાનિક કપાસની ગુણવત્તા, ઉત્પાદન ખર્ચ અને હેક્ટરદીઠ ઉપજ સુધારવી અનિવાર્ય બની ગઈ છે.

સ્પિનિંગ મિલોને રાહત, પરંતુ સ્થાનિક ભાવો પર નિયંત્રણ

વિદેશમાંથી રૂ ખરીદવાનો વિકલ્પ ખૂલવાથી સ્પિનિંગ મિલો માત્ર સ્થાનિક બજાર પર નિર્ભર રહેશે નહીં. સ્થાનિક પાક ઓછો હોય કે પુરવઠાની ખેંચ સર્જાય તો પણ વૈશ્વિક બજારમાંથી રૂ ઉપલબ્ધ રહેવાથી



કોટન ગુરુ
મનીષ ડાગા
email:cottonguru@gmail.com
Mob.: 9820072705
www.cottonguru.org

સ્થાનિક બજારમાં કપાસના ભાવો ખૂબ ઊંચે જઈ શકશે નહીં; એટલે કે આયાતે ભાવો પર એક અદ્રશ્ય મર્યાદા (કેપ) મૂકી દીધી છે. આગામી મહિનાઓમાં સ્થાનિક આવકોનો પ્રવાહ, વૈશ્વિક ભાવો, ડોલર સામે રૂપિયાનું મૂલ્ય અને વાસ્તવિક આયાત પડતર સ્થાનિક બજારની દિશા નક્કી કરશે.

નવી સ્પિન્ડલ ક્ષમતાઃ ૨૦૨૭-૨૮માં વપરાશ ૪૨૫ લાખ ગાંસડીએ પહોંચશે

ભારતીય ટેક્સટાઇલ સેક્ટરમાં ઉત્પાદન ક્ષમતા ઝડપથી વિસ્તરી રહી છે. ઉદ્યોગના અંદાજ અનુસાર, જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૨૭ દરમિયાન દેશમાં આશરે ૨૮.૫ થી ૩૦ લાખ નવા સ્પિન્ડલ્સ કાર્યરત થવાની સંભાવના છે. આ નવી ક્ષમતાને કારણે રૂની વાર્ષિક માંગમાં મોટો ઉછાળો આવશે. અનુમાન મુજબ, વર્ષ ૨૦૨૭-૨૮ સુધીમાં દેશનો વાર્ષિક રૂ વપરાશ વધીને ૪૦૦ થી ૪૨૫ લાખ ગાંસડી સુધી પહોંચી શકે છે. હાલના ૩૬૫ લાખ ગાંસડીના વપરાશ સામે આશરે ૩૫ થી ૬૦ લાખ ગાંસડી વધુ કપાસની જરૂર પડશે.

આ સ્થિતિ પ્રશ્ન ઊભો કરે છેઃ દેશમાં યાર્ન અને કાપડ બનાવવાની ક્ષમતા વધી રહી છે, પરંતુ ઘરેલું કપાસનું ઉત્પાદન પૂરતું વધી રહ્યું નથી. જો વધારાની ક્ષમતા ચલાવવા માટે ભારતે વિદેશી કપાસ પર નિર્ભર રહેવું પડે તો તેનો સીધો આર્થિક લાભ વિદેશી કપાસ ઉત્પાદક દેશોને મળશે. તેથી ટેક્સટાઇલ વિસ્તરણ સાથે સ્થાનિક કપાસ ઉત્પાદન વધારવું રાષ્ટ્રીય હિતમાં છે.

મિશન ૫ કરોડ ગાંસડી રૂ : ૨૦૩૦-૩૧ સુધીનો રોડમેપ

ભારતે કપાસની અછત નિવારવા માત્ર આયાત પર નિર્ભર રહેવાને બદલે દેશમાં કપાસનું ઉત્પાદન વધારવા માટે લાંબા ગાળાનું નક્કર આયોજન કરવું પડશે. ૨૦૩૦-૩૧ સુધીમાં ૫ કરોડ ગાંસડી ઉત્પાદનના લક્ષ્યાંક સાથે શ્વેતપત્ર (White Paper)



અને કાર્યયોજના તૈયાર કરવાની જરૂર છે. આ અભિયાનમાં ખેડૂતો, એફપીઓત, જિનર્સ, સ્પિનર્સ, સંશોધન સંસ્થાઓ અને સરકારને એક તાંતણે બાંધવા જોઈએ.

કપાસ ઉત્પાદન વધારવા માટેનો સૂચિત વાર્ષિક લક્ષ્યાંક

કપાસ વર્ષ	સૂચિત ઉત્પાદન લક્ષ્યાંક
૨૦૨૬૨૭	૨૮૦ લાખ ગાંસડી
૨૦૨૭૨૮	૩૩૦ લાખ ગાંસડી
૨૦૨૮૨૯	૩૮૫ લાખ ગાંસડી
૨૦૨૯૩૦	૪૪૦ લાખ ગાંસડી
૨૦૩૦૩૧	૫૦૦ લાખ ગાંસડી (૫ કરોડ)

(નોંધ : આ આંકડા ઉદ્યોગ માટે સૂચિત કાર્યકારી લક્ષ્યાંકો છે, સરકારની સત્તાવાર આગાહી નથી.)

લક્ષ્ય સિદ્ધિ માટેનાં પાંચ પાયાનાં પગલાં

૧. ખેડૂતો અને એફપીઓ સાથે સીધો સંવાદઃ ખેડૂતો અને એફપીઓત સાથે નિયમિત બેઠકો યોજી જમીની પ્રશ્નો અને ઓછી ઉપજનાં કારણો સમજી તેનું નિરાકરણ લાવવું.

૨. સરકારી યોજનાઓનો સમન્વયઃ કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ મારફતે ઉત્કૃષ્ટ બિયારણ, આધુનિક સિંચાઈ સાધનો અને કૃષિ માર્ગદર્શન ખેડૂત સુધી પહોંચાડવું.

૩. ટેક્સટાઇલ ઉદ્યોગની સીધી ભાગીદારીઃ જિનર્સ અને સ્પિનર્સે ખેડૂતોની તાલીમ, પ્રયોગાત્મક મોડેલ ફાર્મ્સ અને કપાસની ક્વોલિટી સુધારણામાં સીધું મૂડીરોકાણ કરવું.

૪. CSR ફંડનો વિનિયોગઃ કાપડ ઉદ્યોગે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) ફંડનો મોટો હિસ્સો ખેડૂતોની ક્ષમતા વધારવા અને જળસંચય પાછળ વાપરવો.

૫. પરિણામલક્ષી જવાબદારીઃ ઉત્પાદન, ઉપજ અને ખેડૂતોની નફાકારકતાના લક્ષ્યાંકો નક્કી કરી વાર્ષિક ધોરણે તેની કડક સમીક્ષા કરવી.

ઉદ્યોગનું આત્મમંથન અને ઉપજ વધારવાની અનિવાર્યતા

ઉદ્યોગે એ બાબતે ગંભીરતાથી આત્મમંથન કરવું પડશે કે વર્ષોથી દેશમાં કપાસની હેક્ટરદીઠ ઉપજ કેમ સ્થિર રહી છે. દરેક સમસ્યા માટે માત્ર સરકારી નીતિઓને જવાબદાર ગણવાને બદલે ખેતી પદ્ધતિઓ, સંશોધન અને નવી ટેક્નોલોજીના ઉપયોગમાં સુધારો કરવો પડશે. બજારમાં અછત સર્જાય ત્યારે સુધારાની વાતો કરવી અને સ્થિતિ સુધરતાં જૂની પદ્ધતિઓ પર પાછા વળવું તે માનસિકતા બદલવી જરૂરી છે.

નિર્ભરતા નહીં, સ્પર્ધાત્મકતા ઊભી કરો

આયાત ડ્યૂટી મુક્તિથી માત્ર કામચલાઉ રાહત મળી શકે છે, પરંતુ તે કાયમી ઉપાય નથી. ટેક્સટાઇલ ઉદ્યોગના ટકાઉ વિકાસ માટે ગુણવત્તાયુક્ત અને સ્પર્ધાત્મક કપાસનું ઘરેલું ઉત્પાદન અનિવાર્ય છે. ૫ કરોડ ગાંસડીનું લક્ષ્ય વધુ જમીન રોકીને નહીં, પરંતુ પ્રતિ હેક્ટર સરેરાશ ૮૦૦ કિલો રૂની ઉપજ મેળવીને હાંસલ કરવું પડશે. સ્થાનિક આબોહવાને અનુકૂળ બિયારણો, ટપક સિંચાઈ, જીવાત નિયંત્રણ અને એફપીઓ જોડાણ દ્વારા ખેડૂતોની આવક વધારવી એ જ આપણી ખરી નીતિ હોવી જોઈએઃ નિર્ભરતા નહીં, સ્પર્ધાત્મકતા ઊભી કરો (Build Competitiveness, Not Dependence).

Vyapar – 04.11.2026

ભારત ટેક્સ્ટાઇલ હબ બનવાની સંભાવના ધરાવતો દેશ : પવિત્રા માર્ગેરીટા

મુંબઈ, તા. ૩ નવેમ્બર

ભારતની મેન મેઈડ ફાઇબર ટેક્સ્ટાઇલ નિકાસ વાર્ષિક છ અબજ યુએસ ડૉલર અને ટેક્નિકલ ટેક્સ્ટાઇલ નિકાસ વધી ત્રણ અબજ ડૉલરની થઈ ચૂકી છે. આ બંને ક્ષેત્રે અગ્રણી વૈશ્વિક હબોમાંના એક તરીકે ઊભરી શકવાની ક્ષમતા ભારતમાં છે, એમ કેન્દ્રીય એક્સ્ટર્નલ અફેર્સ અને ટેક્સ્ટાઇલ્સ મંત્રાલયના રાજ્ય પ્રધાન પવિત્રા માર્ગેરીટાએ જણાવ્યું હતું.

મેન મેઈડ ઍન્ડ ટેક્નિકલ ટેક્સ્ટાઇલ ઍક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (મેટેક્સિલ) જે અગાઉ એસઆરટીઈપીસી તરીકે ઓળખાતી હતી, તેના નિકાસ પારિતોષિક સમારોહના મુખ્ય અતિથિવિશેષ તરીકે તેઓ બોલી રહ્યાં હતાં. આ ઍક્સપોર્ટ એવૉર્ડ ફંક્શન તારીખ ૩૧ ઑક્ટોબર ૨૦૨૬ના મુંબઈમાં યોજાયો હતો.

ટેક્સ્ટાઇલ મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા અને નિકાસ સ્પર્ધાત્મક ક્ષમતા વધારવા સરકારે લીધેલાં પગલાંઓની સમજ આપતાં તેમણે જણાવ્યું હતું કે મોડીફાઇડ પ્રોડક્શન લિન્ક્ડ સ્કીમના ચોથા રાઉન્ડ હેઠળ નવી અરજીઓ માટે પોર્ટલ તારીખ ૧ નવેમ્બર ૨૦૨૬ના ફરી ખૂલ્યું છે. પોર્ટલ-ટુ હેઠળ લઘુતમ ટર્નઓવર જરૂરિયાત ઘટાડી રૂ. ૧૦૦ કરોડ કરાઈ છે અને સ્કીમની આવરદા વધારી ૨૦૩૩-૩૪ સુધીની કરાઈ છે. આ ઉપરાંત નેશનલ ટેક્નિકલ ટેક્સ્ટાઇલ્સ મિશનથી પણ સંશોધન અને વિકાસને વેગ મળશે. એમ.એમ.એફ વેલ્યુ ચેનમાં જીએસટી રેશનલાઈઝેશનથી અને વિવિધ અન્ય પૉલિસીના પગલાંથી ઉદ્યોગની સ્પર્ધાત્મક ક્ષમતા વધશે.



મેટેક્સિલ ઍક્સપોર્ટ એવૉર્ડ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત કેન્દ્રીય એક્સ્ટર્નલ અફેર્સ અને ટેક્સ્ટાઇલ મંત્રાલયના રાજ્યપ્રધાન પવિત્રા માર્ગેરીટાનું પ્રશસ્તિપત્ર આપી બહુમાન કરતાં મેટેક્સિલના ચૅરમૅન શાલીન તોશનીવાલ દેખાય છે. ડાબેથી જમણે મેટેક્સિલના વાઇસ ચૅરમૅન અનિલ રાજવંશી છે. ત્યાર બાદ ટેક્સ્ટાઇલ કમિશનર શ્રીમતી વૃંદા મનોહર દેસાઈ અને એવૉર્ડ ફંક્શનના કન્વીનર ભદ્રેશ દોઢિયા નજરે પડે છે

ટેક્સ્ટાઇલ કમિશનર વૃંદા મનહર દેસાઈ, જે સમારોહના અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં, તેમણે ઉચ્ચતમ વેલ્યુએડેડ પ્રોડક્ટસ, પ્રોડક્ટ વૈવિધ્યીકરણ, ઇનોવેશન અને વૈશ્વિક સપ્લાય ચેન જોડેના વધુ સહકારથી આગળ વધવાની નિકાસકારોને હાકલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ટેક્નિકલ ટેક્સ્ટાઇલ માટે વિપુલ તકો હેલ્થકેર, ઑટોમોબાઇલ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કૃષિ, પૅકેજિંગ અને પ્રોટેક્ટિવ ક્ષેત્રે પડેલી છે.

મેટેક્સિલના ચૅરમૅન શાલીન તોશનીવાલે જણાવ્યું હતું કે વૈશ્વિક ફાઇબર વપરાશમાં મેન મેઈડ ફાઇબરનો હિસ્સો ૭૦%થી વધુ છે આમાં પોલિએસ્ટર અને વિસ્કોસ ફાઇબરના ઉત્પાદનમાં ભારત વિશ્વનો દ્વિતીય સૌથી મોટો ઉત્પાદક દેશ બની ચૂક્યો છે. ભારતની પોલિએસ્ટરની વાર્ષિક ઉત્પાદનક્ષમતા ૬૦ લાખ ટનની અને વિસ્કોસની ૧૦ લાખ ટનની છે ભારતનું ટેક્સ્ટાઇલ ઉત્પાદન ૨૦૩૦ સુધીમાં વધારી ૩૫૦ અબજ યુએસ ડૉલર કરવાનો લક્ષ્યાંક છે, આ માટે પોલિએસ્ટરની ઉત્પાદનક્ષમતા ૬૦ લાખ ટનથી વધારી ૧૮૦ લાખ ટનની કરવી પડશે. બીજું અત્યારે ભારતની નિકાસ ઉત્પાદનક્ષમતાના ૧૦થી ૧૫ ટકા જેટલી જ છે તે વધારી ૨૦ ટકા કરવી પડશે. આથી ૨૦૩૦ સુધીમાં એમએમએફ નિકાસના ૧૦ અબજ ડૉલરના લક્ષ્યાંક સુધી પહોંચી શકાશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પોલિએસ્ટર ફાઇબર અને યાર્ન મેન્યુફેક્ચરિંગ જેવા અમુક અપસ્ટ્રીમ વિભાગો સામે મુખ્ય અવરોધ ઇન્વર્ટેડ ડ્યૂટી સ્ટ્રક્ચરનો છે. મેટેક્સિલ ઍક્સપોર્ટ એવૉર્ડ ફંક્શનના કન્વીનર ભદ્રેશ દોઢિયા હતા. તેઓ મેટેક્સિલના ભૂતપૂર્વ પ્રમુખ છે.

Vyapar – 04.11.2026

કપાસની અછત વધુ તીવ્ર થવાની ધારણા

એજન્સીસ પુણે , તા. ૩ નવેમ્બર

નવી મુક્ત વ્યાપાર સમજૂતી દ્વારા ટેક્સટાઇલ અને ગાર્મેન્ટની નિકાસના વિસ્તરણ માટે દેશ સજ્જ થઇ રહ્યો છે ત્યારે ભારતની કપાસની અછત બદ્તર થવાની ધારણા છે.

હવામાન ઉપર અલ નિનોની અસર સ્થાનિક ઉત્પાદનને વધુ અસર કરી શકે અને સપ્ટેમ્બરમાં પૂરા થતાં ૨૦૨૬-૨૭ના વર્ષમાં સ્થાનિક ઉત્પાદન ૩.૪ ટકા ઘટવાની ધારણા છે. કપાસની આયાત ૨૦૨૫-૨૬ના વર્ષમાં ૭૧ લાખ ગાંસડીની વિક્રમી સપાટીએ પહોંચી હતી જે ગયા વર્ષે ૫૭.૪ લાખ ગાંસડી હતી. છેલ્લાં એક મહિનામાં કપાસના ભાવમાં સાત ટકાનો વધારો થયો છે.

ઉદ્યોગના અગ્રણીઓએ જણાવ્યું હતું કે કપાસમાં આયાત ડ્યૂટીની માફીની ૩૧મી ઓક્ટોબરની અંતિમ તારીખ પૂર્વે ભાવ વધ્યા છે. ભારતને ૧ જૂનથી ૩૧ ઓક્ટોબર સુધી રો કોટન ઉપર આયાતમાં ૧૧ ટકા માફી આપવામાં આવી છે. આ પહેલા ૨૦૨૫માં ૧૯ ઓગસ્ટથી ૩૧મી ડિસેમ્બર સુધી માફી આપવામાં આવી હતી.. કપાસનું નવું વર્ષ પહેલી ઓક્ટોબરે શરૂ થતું હોવાથી ગુજરાતના ૨૯ મિલીમીટરના કપાસના ભાવ ગાંસડી દીઠ રૂા.૪૫૦૦ વધી રૂા.૬૮,૫૦૦ થયા છે.

૨૦૨૫-૨૬માં દેશે ૩.૪ કરોડ ગાંસડી અને ૭૦ લાખ આયાતી ગાંસડીનો ઉપયોગ કર્યો હતો, એમ સધર્ન ઇંડિયા મિલ્સ એસોસિએશને નાણાં પ્રધાન નિર્મલા સીતારમનને તાજેતરમાં લખેલાં એક પત્રમાં જણાવ્યું હતું. જોકે, કપાસની ઉપલબ્ધિમાં ભાવની અસ્થિરતા અને ઔદ્યોગિક અશાંતિ ચાલુ રહી છે.

મુક્ત વ્યાપાર સમજૂતીને કારણે નવી માર્કેટોમાંથી નિકાસની માગના સંકેત ઉદ્યોગ જોઇ રહ્યો છે તે સાથે ૨૦૨૬-૨૭માં કપાસનો વપરાશ વધવાની ધારણા છે. કપાસની માગ અને પુરવઠા વચ્ચેનો તફાવત ગયા વર્ષની ૭૦ લાખ ગાંસડી કરતાં આ વર્ષે ૯૦ લાખ ગાંસડીથી અધિક થવાની ધારણા છે.

છેલ્લાં થોડા મહિનાઓમાં આપણે યુકેમાંથી નિકાસની માગમાં વધારો અનુભવ્યો છે, એમ એસોસિએશનના મહામંત્રી કે.સેલ્વારાજુએ જણાવ્યું હતું. યુકેના એફટીએ સહિત અન્ય એફટીએને કારણે આગામી મોસમમાં કપાસની માગ ૩.૬ કરોડ ગાંસડીથી વધી શકે.

અલ નિનો અને દુકાળે દેશના ઘણાં વિસ્તારોમાં કપાસના પાકને અસર કરી છે અને તેનું ઉત્પાદન ૨.૮ કરોડ ગાંસડીથી ઓછું થવાનો અંદાજ છે, એમ તેમણે જણાવ્યું હતું. આથી ગુણવત્તા ધરાવતા કપાસની અછત સર્જાઇ શકે. ઇયુ એફટીએ ૨૦૨૭માં અમલી બનશે તો કપાસની માગમાં વધુ વધારો થશે.

આયાત ડ્યૂટી માફીને લંબાવવાની અનિશ્ચિતતા અને અપેક્ષિત ઓછા પાકને કારણે સ્થાનિક કપાસના લઘુત્તમ ટેકાના ભાવમાં ઉછાળો આવ્યો છે.


કપાસના ભાવમાં વધારાની સરખામણીમાં યાર્નના ભાવમાં વધારો નહીં થયો હોવાથી જિનિંગની પ્રક્રિયા પડકારભરી બની રહેશે, એમ ખાનદેશ જીનર્સ એસોસિએશનના પ્રમુખ પ્રદીપ જૈને જણાવ્યું હતું. ભાવમાં વધારો થશે એવી ધારણાએ ખેડૂતો પાકનો સંગ્રહ કરી બેઠા છે.

Vyapar – 04.11.2026

નબળા ખરીફ ઉત્પાદન અને ધીમા રવી વાવેતર વચ્ચે ખાદ્ય ફુગાવાની ચિંતા વકરી

ચોખા, તેલ, ખાંડ અને ડુંગળીના ભાવ આસમાને

સપ્ટેમ્બરમાં ખાદ્ય ફુગાવો વધીને ૭.૭૪ ટકા થયો, અલ-નિનોની આકરી અસર વચ્ચે ખુલ્લા બજારમાં અનાજ વેચવા અને આયાત ડ્યૂટી ઘટાડવા નિષ્ણાતોની સલાહ



નવી દિલ્હી, તા. ૩ નવેમ્બર

દેશમાં ખરીફ પાકની કાપણી વચ્ચે અપેક્ષા કરતાં ઓછા કૃષિ ઉત્પાદન અને અલ-નીનોની આકરી અસરોને લીધે ચોખા, ખાંડ, રાયડાનું તેલ અને ડુંગળી સહિતની આવશ્યક ચીજોના છૂટક ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલયના પ્રાઇસ મોનિટરિંગ સેલના આંકડા મુજબ, ગત વર્ષ કરતાં મોટા ભાગની ખાદ્ય ચીજોના ભાવ નોંધપાત્ર ઊંચા સ્તરે છે. નબળા ચોમાસાથી ખરીફ ઉત્પાદનમાં ઘટાડાની સંભાવના અને વૈશ્વિક બજારમાં ઊંચા ભાવોને પગલે આગામી મહિનાઓમાં ખાદ્ય ફુગાવો વધુ ભડકવાની ગંભીર આશંકા સેવાઈ રહી છે.

કન્ઝ્યુમર ફૂડ પ્રાઇસ ઇન્ડેક્સ મુજબ સપ્ટેમ્બર મહિનામાં ખાદ્ય ફુગાવો ઝડપથી વધીને ૭.૭૪ ટકાના સ્તરે પહોંચી ગયો છે. ડુંગળી, આદુ, લસણ, ખાંડ, ચિકન અને ખાદ્યતેલોના ભાવ વધવાથી ફુગાવામાં તેજી આવી છે. પાક લણણીના વર્તમાન પરિદ્રશ્ય અંગે ક્રિસિલ ઇન્ટેલિજન્સના ડિરેક્ટર પુષ્પણ શર્માએ જણાવ્યું કે, હવામાનની અનિશ્ચિતતા સૌથી મહત્વનું પરિબળ બની રહેશે. તેમણે જણાવ્યું કે ફિલ્ડ ક્રોપ્સ હેઠળ વાવેતર વિસ્તાર વાર્ષિક ધોરણે બેથી ત્રણ ટકા અને ઉત્પાદકતા પાંચથી છ ટકા ઘટી શકે છે. કૃષિ મંત્રાલય અનુસાર ડાંગર, કઠોળ, તેલીબિયાં અને કપાસ સહિતના ખરીફ પાકોનો કુલ વાવેતર વિસ્તાર નજીવો ઘટીને ૧૧૦.૭ મિલિયન હેક્ટર રહ્યો છે, પરંતુ અનિયમિત વરસાદથી પાકને વ્યાપક અસર થઈ છે.

છૂટક બજારમાં ડુંગળીના સરેરાશ ભાવ શનિવારે વધીને રૂ. ૫૩.૪૨ પ્રતિ કિલોએ પહોંચ્યા હતા, જે વાર્ષિક ધોરણે ૧૦૦ ટકાનો તોતિંગ ઉછાળો દર્શાવે છે. ઉત્પાદન ઘટતાં છેલ્લા બે મહિનાથી ભાવો સતત વધ્યા છે અને દિલ્હી-એનસીઆરમાં ડુંગળી રૂ. ૬૫ પ્રતિ કિલો વટાવી ગઈ છે. ભાવવધારાને નાથવા સરકારે બફર સ્ટોકમાંથી રૂ. ૩૫ પ્રતિ કિલોના સબસિડીવાળા દરે ડુંગળીનું વેચાણ શરૂ કર્યું છે, જોકે નવો ખરીફ પાક ન આવે ત્યાં સુધી આગામી થોડા સપ્તાહ ભાવ ઊંચા રહેવાની શક્યતા છે. કૃષિ અર્થશાસ્ત્રી અશોક ગુલાટીએ જણાવ્યું કે, ખાદ્ય ફુગાવો ૭.૭ ટકા થઈ ચૂક્યો છે અને અલ-નીનોની અસર સ્પષ્ટ છે ત્યારે સરકારે તાત્કાલિક પગલાં લેવા પડશે. સરકારે કાં તો ખુલ્લા બજારમાં વધુ સ્ટોક ઠાલવવો જોઈએ અથવા ઓછી આયાત ડ્યૂટીએ ખાંડ, કઠોળ અને તેલીબિયાંની મુક્ત આયાતની છૂટ આપવી જોઈએ.

તેલીબિયાં અને ખાંડમાં પણ મોંઘવારી વધી છે. રાયડાના તેલના છૂટક ભાવ શનિવારે વાર્ષિક ૧૧ ટકા વધી રૂ. ૨૦૮.૧૮ પ્રતિ કિલો થયા હતા. ૨૦૨૫-૨૬ સીઝનમાં સ્થાનિક ઉત્પાદન ઘટતાં ખાંડના ભાવ ઓગસ્ટમાં ઉછળ્યા હતા, જેને પહોંચી વળવા સરકારે ૧ મિલિયન ટન કાચી ખાંડની આયાત જાહેર કરવી પડી હતી. અનાજના મોરચે, દક્ષિણના રાજ્યોમાં નોન-બાસમતી ડાંગરનું ઉત્પાદન ઘટવાની શક્યતાથી ચોખાના ભાવ ૧૨ ટકા વધીને રૂ. ૪૮.૩૮ પ્રતિ કિલો થયા છે. સપ્ટેમ્બરમાં ચોખાનો છૂટક ફુગાવો ઓગસ્ટના ૫.૮૯ ટકા સામે વધીને ૮.૨૫ ટકા નોંધાયો હતો.

ચોખાના મામલે રાહત એ છે કે સરકાર પાસે ૧ ઓક્ટોબરના ૧૦.૨૫ મિલિયન ટન બફર સામે ૩૭ મિલિયન ટનથી વધુ જથ્થો છે, જેને ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ બજારમાં મૂકી ભાવ અંકુશમાં લેવાશે. દેશના કઠોળ ઉત્પાદનમાં ૫૦ ટકા હિસ્સો ધરાવતી ચણા દાળના ભાવમાં પૂરતો બફર સ્ટોક અને પીળા વટાણાની આયાત છતાં વાર્ષિક ૮ ટકા વધારો થયો છે. ઘઉંના ભાવ માત્ર ૨ ટકા વધીને રૂ. ૩૨.૪૯ પ્રતિ કિલો રહ્યા છે, જ્યાં FCI પાસે ૧ ઓક્ટોબરના ૨૦.૫ મિલિયન ટન બફર સામે ૪૫.૪ મિલિયન ટન ઘઉંનો વિશાળ સ્ટોક છે.

ક્રિસિલના શર્માએ જણાવ્યું કે ડાંગર, મકાઈ, તુવેર, કપાસ અને મગફળી પર નજર રાખવી જરૂરી છે, કારણ કે ઉત્પાદન ઘટતાં ભાવો મક્કમ રહેશે. આ સ્થિતિ વચ્ચે શિયાળુ - રવી પાકોની વાવણી અત્યંત ધીમી શરૂ થઈ છે. ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં ઘઉં, કઠોળ, તેલીબિયાં અને બરછટ અનાજ હેઠળ માત્ર ૩.૭૫ મિલિયન હેક્ટરમાં વાવેતર થયું છે, જે વાર્ષિક ૪૬ ટકાનો મોટો ઘટાડો દર્શાવે છે. ગયા વર્ષે દેશમાં કુલ ૬૪.૭૬ મિલિયન હેક્ટરમાં રવિ વાવેતર થયું હતું. પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં મુખ્ય પાક ઘઉંની વાવણી નવેમ્બરના મધ્ય સુધીમાં વેગ પકડશે તેવી ધારણા છે, પરંતુ જો વાવણી વિલંબિત રહેશે તો દેશમાં મોંઘવારીનો પડકાર લાંબો સમય ચાલુ રહી શકે છે.

Vyapar – 04.11.2026

દેશમાં માર્ચ ૨૦૨૭ સુધી અલ-નીનોની અસર યથાવત્ રહેશે

ડિસેમ્બર પછી તીવ્રતા ઘટવાની હવામાન વિભાગની સત્તાવાર આગાહી

નવેમ્બર-ડિસેમ્બરમાં અલ-નીનો ચરમસીમાએ પહોંચશે, ચોમાસામાં ૧૨.૬ ટકા અને ઓક્ટોબરમાં ૩૧.૪ ટકા વરસાદની ખાધ બાદ નવેમ્બરમાં પણ દક્ષિણ ભારતમાં ઘટની વકી

નવી દિલ્હી, તા. ૩ નવેમ્બર

ભારતીય હવામાન વિભાગે (આઈએમડી) શનિવારે સત્તાવાર આગાહી કરતાં જણાવ્યું છે કે પ્રશાંત મહાસાગરમાં સક્રિય થયેલી અત્યંત શક્તિશાળી 'અલ-નીનો'ની સ્થિતિ આગામી ડિસેમ્બર ૨૦૨૬ સુધી પ્રચંડ સ્વરૂપે જળવાઈ રહેશે અને ત્યારબાદ તેની તીવ્રતામાં ક્રમશઃ ઘટાડો શરૂ થશે. જોકે, તેની પ્રતિકૂળ આબોહવાકીય અસરો માર્ચ ૨૦૨૭ સુધી યથાવત રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મોહાંપાત્રાએ એક વિશેષ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ''અલ-નીનોની સ્થિતિ માર્ચ ૨૦૨૭ સુધી ચાલુ રહેશે, પરંતુ ડિસેમ્બર ૨૦૨૬ પછી આ પરિબળની તીવ્રતા ઘટવાની શક્યતા છે.''

વિભાગના સત્તાવાર નિવેદન મુજબ, હાલ વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગર પર અત્યંત તીવ્ર અલ-નીનો પ્રવર્તી રહ્યો છે. મોન્સૂન મિશન કપલ્ડ ફોરકાસ્ટ સિસ્ટમ તેમજ વૈશ્વિક ક્લાઈમેટ મોડેલ્સના તાજા અંદાજો દર્શાવે છે કે નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૨૬ દરમિયાન આ સ્થિતિ સૌથી પ્રબળ રહેશે. વિશ્વ હવામાન સંસ્થાએ પણ અગાઉ સ્પષ્ટ કર્યું હતું કે વર્ષના અંત સુધીમાં અલ-નીનો તેની ચરમસીમાએ પહોંચશે અને તેની અસરો વર્ષ ૨૦૨૭માં પણ અનુભવાશે. આબોહવા વૈજ્ઞાનિકો અનુસાર, પેસિફિક મહાસાગરના સપાટીના પાણીમાં થતા અસામાન્ય ગરમાવાને અલ-નીનો કહેવાય છે, જે ચોમાસા પર સીધો નકારાત્મક પ્રભાવ પાડે છે, તાપમાન વધારે છે અને ભારતીય ઉપખંડ સહિત વૈશ્વિક સ્તરે હીટવેવ સર્જે છે.

દરમિયાન, હિંદ મહાસાગરમાં હાલ 'ન્યુટ્રલ ઈન્ડિયન ઓશન ડાયપોલ' પ્રવર્તી રહ્યો છે, જે ડિસેમ્બર ૨૦૨૬ સુધી પોસ્ટ-મોન્સૂન સીઝનમાં તટસ્થ રહેવાની સંભાવના છે. જોકે વરસાદ માટે સાનુકૂળ ગણાતા પોઝિટિવ આઈઓડી થ્રેશોલ્ડ (+૦.૪ ડિગ્રી સેલ્સિયસ) કરતાં તાપમાન વધ્યું છે, પરંતુ મોહાપાત્રાના જણાવ્યા મુજબ તેને સત્તાવાર પોઝિટિવ ઘટના ગણવા માટે લાંબા સમય સુધી આ સ્તર ટકી રહેવું જરૂરી છે.

અલ-નીનોના આકરા પ્રહારને કારણે દેશમાં ૧ જૂનથી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ચોમાસુ વરસાદ દીર્ઘકાલીન સરેરાશ કરતાં ૧૨.૬ ટકા ઓછો રહ્યો હતો, જેને સત્તાવાર રીતે 'ડેફિસિઅન્ટ' (ખાધ) કેટેગરીમાં મુકાયો છે. વર્ષ ૨૦૧૫માં ૧૨.૭ ટકાની ખાધ નોંધાયા બાદ આ દેશનો સૌથી ખરાબ ચોમાસુ વરસાદ રહ્યો છે. આ સિલસિલો ઓક્ટોબરમાં પણ ચાલુ રહ્યો હતો, જેમાં દેશભરમાં સામાન્ય કરતાં ૩૧.૪ ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

આગામી નવેમ્બર મહિના માટે આઈએમડીએ દક્ષિણ દ્વીપકલ્પીય ભારતમાં સામાન્ય કરતાં ઓછો (બેન્ચમાર્કના ૭૭ ટકાથી પણ ઓછો) વરસાદ પડવાની આગાહી કરી છે. મધ્ય, ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય કે તેથી વધુ વરસાદની શક્યતા સિવાય દેશના મોટા ભાગના અન્ય તમામ વિસ્તારોમાં નવેમ્બર દરમિયાન વરસાદની ખેંચ વર્તાશે. આ ઉપરાંત, હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીમાં એક ચક્રવાતી તોફાન સર્જાઈને સોમવારે સાંજ સુધીમાં આંધ્રપ્રદેશના દરિયાકાંઠે પહોંચવાની તાકીદની ચેતવણી આપી છે.

સંભવિત જોખમો છતાં ભારત વૈશ્વિક 'ગ્રોથ એન્જિન' રહેશે : આઈએમએફ

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) સ્પષ્ટ કર્યું છે કે 'સુપર અલ-નીનો' જેવી આબોહવાકીય વિષમતાઓના પડકારો છતાં તેની ગંભીર નકારાત્મક અસરો ભારતમાં હજુ સુધી વાસ્તવિક સ્વરૂપે સામે આવી નથી અને ભારત સમગ્ર વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે મુખ્ય 'ગ્રોથ એન્જિન' તરીકે યથાવત છે.

આઈએમએફના કોમ્યુનિકેશન્સ ડિરેક્ટર જુલી કોઝેકે વોશિંગ્ટનમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સુપર અલ-નીનોને પગલે કૃષિ પાકની ઓછી ઉપજ, ખાદ્ય ચીજોના ભાવોમાં કુગાવો અને તેના પરિણામે સામાન્ય પરિવારોની ઘરગથ્થુ ખરીદશક્તિ ઘટવા જેવા સંભવિત જોખમો ભારત સામે ચોક્કસ તોળાઈ રહ્યા છે, પરંતુ વર્તમાન સમયે આ જોખમો જમીની સ્તરે પ્રગટ થયા નથી. તેમણે ઉમેર્યું હતું કે, ''અમે તેને ભવિષ્યના જોખમ તરીકે જોઈ રહ્યા છીએ. હવામાનની આ પ્રતિકૂળ ઘટનાઓ જો વાસ્તવિક અસર કરશે તો જાન્યુઆરી મહિનાના આગામી 'વર્લ્ડ ઇકોનોમિક આઉટલૂક' અપડેટમાં અમે ભારતના વૃદ્ધિદરના અંદાજની પુનઃસમીક્ષા કરીશું, પરંતુ હાલ ભારતમાં અત્યંત મજબૂત ગ્રોથ મોમેન્ટમ જોવા મળી રહ્યું છે.''

ઉલ્લેખનીય છે કે, ચાલુ મહિનાની શરૂઆતમાં બેંગકોક ખાતે જાહેર થયેલા વર્લ્ડ ઇકોનોમિક આઉટલૂક અહેવાલમાં આઈએમએફએ ભારતના નાણાં વર્ષ ૨૦૨૬-૨૭ અને ૨૦૨૭-૨૮ માટેના જીડીપી વૃદ્ધિના અંદાજને વધારીને ૭ ટકા કર્યો હતો. અગાઉ જુલાઈમાં આ બંને વર્ષો માટે અનુક્રમે ૬.૪ ટકા અને ૬.૭ ટકા વિકાસદરનો અંદાજ મૂકાયો હતો. જુલી કોઝેકે જણાવ્યું કે દેશમાં મજબૂત સ્થાનિક ગ્રાહક વપરાશ-માંગ અને સેવા ક્ષેત્રની ધમધમતી પ્રવૃત્તિઓએ ભારતીય અર્થતંત્રના પાયાને વિશ્વસનીય અને મજબૂત ટેકો પૂરો પાડ્યો છે, જેથી તે વિશ્વમાં અગ્રેસર રહ્યું છે.

Vyapar – 04.11.2026

કેન્દ્ર સરકાર મહારાષ્ટ્રના અછતગ્રસ્ત ખેડૂતોની પડખે : વડા પ્રધાન

પુણે મેટ્રો લાઈન 3નો શીલાન્યાસ કરતા મોદી

પીટીઆઈ

પુણે, તા. 3 નવેમ્બર

મહારાષ્ટ્રમાં દુષ્કાળની સ્થિતિ છે ત્યારે એનડીએ સરકાર ખેડૂતો સાથે મક્કમપણે ઊભી છે અને કેન્દ્ર સરકાર શક્ય તેટલી તમામ મદદ તેમને કરશે, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અહીં પુણે મેટ્રોના શીલાન્યાસ પ્રસંગે જણાવ્યું હતું.

વડા પ્રધાને આ તહેવારોની સિઝનમાં તમામ દેશવાસીઓને દુષ્કાળગ્રસ્ત ખેડૂતોને યાદ કરવાનો અનુરોધ કર્યો હતો તથા તેઓ પણ દિવાળીનો આનંદ માણી શકે તેની ખાતરી કરવાનું જણાવ્યું હતું.

વધુમાં મોદીએ જણાવ્યું હતું કે, તેઓને મહારાષ્ટ્રની દુષ્કાળની સ્થિતિની જાણકારી છે. રાજ્ય સરકારે પણ આ બાબતમાં આગોતરી મદદ કરી છે. મહારાષ્ટ્રના દરેક ખેડૂતો સાથે એનડીએ સરકાર આ મુશ્કેલી સમયમાં સંપૂર્ણ સંવેદનશીલતા સાથે ઊભી છે. બધા ખેડૂતોની સાથે ઊભા છે માટે ચિંતાની જરૂર નથી.

મોદીએ પુણે મેટ્રો લાઈન 3 (પિંક લાઈન)નું વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા ઉદ્ઘાટન કર્યું ત્યારે આ બાબત જણાવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે પુણે મેટ્રોની ૨૩ કિમીની લાઈન જે પિંક લાઈન તરીકે ઓળખાય છે તેનું ઉદ્ઘાટન કર્યું હતું અને પ્રોજેક્ટના ફેસ ૨ અંતર્ગત ચાર નવા કોરિડોરના પાયાના પથ્થર મૂક્યા હતા. આ તમામ પ્રોજેક્ટનો લગભગ રૂા. ૨૧,૮૦૦ કરોડના ખર્ચનો અંદાજ છે. વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ ભાગ લીધો હતો.

પિંક લાઈન મેટ્રોના નિર્માણ પાછળ રૂા. ૮૩૦૦ કરોડથી વધુ ખર્ચ થયો હતો. તે માત્ર સ્ટેશનથી ડિસ્ટ્રિક્ટ કોર્ટ મેટ્રો સ્ટેશન સાથે જોડે છે. તેની સાથે હિંજેવાડી આઇટી હબ અને શિવાજીનગરને પણ સાંકળી લે છે. પુણેના સૌથી મોટા રોજગાર કેન્દ્રો વચ્ચેની કનેક્ટિવિટી વધશે તથા હજારો આઇટી નિષ્ણાતો તથા અન્ય પ્રોફેશનલ્સ પુણેમાં સરળતાથી પરિવહન કરી શકશે.

આ નવી લાઈન મારફત ઈન્ટરચેન્જ સુવિધાઓને કારણે પુણેનું હાલનું મેટ્રો નેટવર્ક વધુ સારું બનશે અને વિવિધ વિસ્તારો વચ્ચેની કનેક્ટિવિટી સુધરશે. ખાનગી વાહનો ઉપરનો આધાર ઘટશે, ટ્રાફિકનો ભરાવો ઓછો થશે અને વાહનોનું પ્રદૂષણ પણ ઘટશે. તેના દ્વારા શહેરના મોટા કૉમર્શિયલ, રેસિડેન્શિયલ અને આઇટી કેન્દ્રો વચ્ચેની કનેક્ટિવિટી વધશે.

મોદીએ પુણે મેટ્રોના ફેસ ટુનો શીલાન્યાસ કર્યો તેના માટે લગભગ રૂા. ૧૩,૫૦૦ કરોડનું રોકાણ થશે. લાઈન ૨એ, ૨બી, ૪ અને ૪એની ચાર કોરિડોર દ્વારા પુણેના વિવિધ વિસ્તારો વચ્ચેની કનેક્ટિવિટી વધશે.

લાઈન્સ ટુએ અને ટુબી બંને લગભગ ૧૨.૭૫ કિમીનું અંતર કવર કરે છે. લાઈન ટુએ વનાઝથી ચાંદની ચોક જ્યારે લાઈન ૨બી રામવાડીથી વિઠ્ઠલવાડી વચ્ચે ચાલશે અને હાલના પૂર્વ-પશ્ચિમ મેટ્રો નેટવર્કનું વિસ્તરણ કરશે.

લાઈન ૪ની લંબાઈ લગભગ ૨૫.૫૨ કિમીની હશે, જે ખરડીથી ખડકવાસલાને જોડશે, જ્યારે લાઈન ૪એ નલસ્ટોપ અને માણિક બાગ વચ્ચેનું ૬.૧૨ કિમીનું અંતર આવરી લેશે.

આ પ્રસ્તાવિત કોરિડોર પુણેમાં ખરડી, મગરપટ્ટા, હડપસર, સ્વારગેટ, માણિક બાગ, નાંદેડ સિટી, પુણે કેન્ટોનમેન્ટ અને વારજે વિસ્તારોની કનેક્ટિવિટી વધારશે.

રામવાડીથી વિઠ્ઠલવાડીના પૂર્વીય વિસ્તારોની કનેક્ટિવિટી વધશે તેના કારણે ખરડી અને વાઘોલી વચ્ચેના રેસિડેન્શિયલ, કૉમર્શિયલ અને આઇટી કેન્દ્રોની કનેક્ટિવિટી વધશે.